ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૭-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

મોડા મોડાય ભલે આવ્યા મેહુલજી!

આ મહેુલિયો હવે દિવસે દિવસે બિંદાસ બનતો જાય છે. રૂઠેલા રાજકુમારની જેમ એ કયારેક તો એવો ખોવાઈ જાય છે કે શોધ્યો ન જડે. હવે સૌ જાણે છે કે જો મેઘરાજા સમયસર ન પધારે તો બિચારી પૃથ્વીની શી દશા થાત! ખેડૂત ગમે તેટલો આધુનિક બનતો જાય તોય એને વરસાદ વગર ચાલવાનું નથી. બલકે જળ એ જીવન છે, એટલે એકલા ખેડૂત કે ખેતરને જ એનો ખપ છે એવું રખે માની લેતા. સમસ્ત જીવસૃષ્ટિ જળ આધારિત છે. જીવનની શરૂઆત જ જળના જીવોથી થઈ છે. શેવાળથી લઈ મગરમચ્છ સુધીના જલીય જીવો સૃષ્ટિના પ્રારંભકાળનાં પગથિયાં છે. છેલ્લું પગથિયું મનુષ્ય છે, જેને જળ વગર ચાલવાનું નથી. પૃત્વીનો ત્રણ ચતુર્થાંશ ભાગ જળથી છલોછલ છે અને આપણા શરીરમાં સિત્તેર ટકા પાણી છે. વરસાદ ન થાય ત્યારે સૃષ્ટિની જીવનયાત્રા ખોરંભાઈ જાય છે. છપ્પનિયો દુકાલ આજની પેઢી માટે ભલે દંતકથા રૂપ બની ગયો હોય પરંતુ એકાદ નબળું વરસ દેશની પ્રગતિ આડે અવરોધ બની જાય તો આંકટા ઊલટસૂલટ થઈ જાય. વિકાસનાં કામો અટકાવી દઈ એ નાણાં દુષ્કાળ રાહત અને અછત યોજનાઓ તરફ ડાઈવર્ટ કરી દેવા પડે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીના શાસનકાળમાં સળંગ ત્રણ દુકાળિયાં વરસ આવ્યાં હતાં. કુનેહપૂર્વક એ વરસ પસાર કરવામાં ગુજરાતની પ્રજા સફળ થઈ હતી કારણ એ આપણી પાસે અનાજનું ભંડારણ પૂરતું હતું. ઢોરવાડા શરૂ કરાયા હતા અને શક્ય એટલું પશુધન પણ બચાવી લેવાયું હતું. કહે છે કે રાજા કાલસ્ય કારણમ્ - એ દૃષ્ટિએ નરેન્દ્ર મોદી ઘણા નસીબદાર મુખ્યમંત્રી સાબિત થયા. એમના શાસનકાળ દરમિયાન માગ્યા મેહ વરસ્યા, રાજય સમૃદ્ધિનાં સોપાન સર કરી શક્યું. અલબત્ત, વરસાદ કયારેક મોડો વહેલો થયો, કયારેક અતિવૃષ્ટિ પણ થઈ - પણ એકંદરે વરસાદના નામની બૂમ નહોતી. વરસાદ ન આવે તો આપણાં ખેતરોમાં મોલ સુકાય - ફસલ નિષ્ફળ જાય એ તો હવે સમજ્યાં; ખરી મુસીબત તો પીવાના પાણીની સરજાઈ જાય. અમરસિંહ ચૌધરીના સમયગાળામાં રાજકોટ જેવાં શહેરોને ટ્રેન દ્વારા પાણી પહોંચાડાયું હતું. આ વર્ષે પણ ઘણાં જિલ્લામાં ટેન્કરો મારફત નર્મદા કેનાલનું પાણી પહોંચાડવાનો સફળ પ્રયાસ કરાયો છે. પરંતુ હવે મોડા મોડાય મેહુલયાજી પધાર્યા છે તો એમનું સ્વાગત કરીએ. હકીકતમાં પ્રવૃત્તિ આવી ચેષ્ટા કરીને કાળા માથાના માનવીને ચેતવતી હોય છે. આપણે પ્રકૃતિનાં સ્ત્રોતોનું એ હદે દોહન કરતાં રહ્યા, એને એટલી બધી પીડા પહોંચાડી કે આખું ઋતુચક્ર ફરી ગયું. જેઠ મહિનાના કૃષ્ણપક્ષમાં આવવો જોઈએ વરસાદ છેક દિવાસા લગી ખેંચાઈ જાય તે કેવું! પ્રકૃતિને પણ એની એક આગવી શિસ્ત છે. જંગલો વઢાઈ જાય, ભૂતળમાંથી પાણી ઉલેચાઈ જાય અને પ્રગતિના નામે નર્યું ઝેર ઓકતાં કારખાનાં ફૂટી નીકળે, પછી વરસાદને આવવું હોય કયાંથી આવે? આપણી વધુ પડતી ભૌતિક લાલસા આખરે ગ્લોબલ વોર્મિંગમાં પરિણમી છે અને તેથી સર્વનાશના શ્રીગણેશના થઈ ચૂક્યા છે. મોડો મોડોય વરસાદ આવ્યો હોય તો એ પ્રકૃતિની ઉદારતા છે. તેજીને ટકોર પૂરતી ગણાય. જો આટલો સંકેત વેળાસર સમજીશું તો હજી એટલું બધું તો નથી જ બગડી ગયું કે સમૂળગું સુધરી જ ન શકે. મોડા પડેલા મેહુલિયાને આપણે ફૂલડે વધાવીએ. એ આપણા ડેમ, સરોવરો અને ખેત તલાવડીઓ તથા સર્વ જળાશયોને છળકાવી દે. આપણી નદીઓને પુનઃ જોબનવંતી કરે અને પૃથ્વીને શસ્યશ્યામલા બનાવે. કવિ રહીમનો દૂહો યાદ આવે છે -

રહિમન પાની રાખિયે બિનપાની સબ સૂન,
પાની ગયે ના ઊપજે મોતી, માનુષ, ચૂન!

વિદ્યાર્થીનીઓએ સ્વ-બચાવ માટે પર્સમાં સ્પ્રે કે પછી મરચાની ભુકી રાખવી જોઈએ

સે. ૨૩ આર.જી. પટેલ શાળામાં મહિલા સુરક્ષા કાર્યક્રમ હેઠળ વિવિધ સ્વ-બચાવ માટે ટીપ્સ આપવામાં આવી

ગાંધીનગર, તા. ૧૮

શાળા કોલેજોની છોકરીઓને સતાવતા, હેરાન કરતા, અસામાજીક તત્વો સામે કેવી રીતે સામનો કરવો, લુખ્ખા તત્વોને પડકારવા માટેનો મહિલા સુરક્ષા કાર્યક્રમ આર.જી. પટેલ અને એસ.બી. પટેલ કન્યા વિદ્યાલયમાં યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર સેક્ટર-૨૩માં આવેલ શ્રીમતી આર.જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક કન્યા શાળામાં મહિલા સુરક્ષા અંતર્ગત વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સની પ્રાથમિક તાલીમ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. પી.આઈ. કે.એમ. જોસેફ, પી.એસ.આઈ. એસ.એમ. ચૌધરી, એ.એસ.આઈ. દિલીપસિંહ ચાવડા અને બ્લેક બેલ્ટ નિષ્ણાત પ્રજ્ઞેશભાઈ મેસરિયાએ વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સના પાઠ ભણાવ્યા હતા.

શાળાઓની આજુ બાજુ રોમિયોગીરી કરતા લુખ્ખા તત્વોનો આતંક વધારે હોય છે ત્યારે આવા લુખ્ખાઓથી દૂર રહેવુ જોઈએ. તેમજ ઉછીના બાઈક કે કાર લાવીને ડંફાસ મારતા તત્વોથી અંજાઈ જવુ જોઈએ નહી તેમ વિદ્યાર્થીનીઓને જણાવવામાં આવ્યું હતું. રસ્તામાં હેરાન કરતા અને છેડતીનો પ્રયત્ન કરતા તત્વો સામે પોલીસ ફરિયાદ કરવી જોઈએ.

પી.આઈ. જોસેફે જણાવ્યુ છુ કે બોયફ્રેન્ડ કારણ વગર ભેટ સોગાદો આપે તેમજ હોટલમાં ખવડાવવાની લાલચ આપે કે પછી પાર્ટીમાં લઈ જઈને કોઈ પીણુ પીવડાવે તો આવી બાબતોથી ચેતવુ જોઈએ. અજાણ્યા લોકોની પાસે લીફ્ટ ન માગવી અને ક્યારેય મુશ્કેલી આવી પડે તો મહિલા હેલ્પલાઈન નંબર ૧૦૯૮ કે ૧૦૯૧ પર તુરંત જાણ કરવી જોઈએ.

બ્લેક બેલ્ટ નિષ્ણાત પ્રજ્ઞેશભાઈ મેસરિયાએ જણાવ્યું હતું કે સ્વ-બચાવ માટે પર્સમાં સ્પ્રે કે મરચાની ભુકી રાખવી જોઈએ. જે સંકટ સમયે ઉપયોગ કરવા માટે કામ આવે. દરેક છોકરીઓએ સેફ્ટી પીન રાખવી જોઈએ. જ્યારે આપણે ફસાયા હોઈએ ત્યારે ગરદન ઉપર વાર કરીને બચી શકીએ છીએ. કાર્યક્રમનું આયોજન ઉર્વશીબેન, હાર્દિકભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ આચાર્યા સુધાબેને આભારવિધિ કરી હતી.

હરિની દૃષ્ટિ...

ઓન લાઈન છોડ ખીરીદી તો લીધા, હવે કોઇ ઓનલાઇન પ્લાન્ટ કરી આપે તેવી સાઇટ શોધું છું...!!

સાબર ઈન્સ્ટિટયુટની કુ. એના ચૌહાણે જીટીયુના સેમેસ્ટર-૮માં ગોલ્ડ મેડલ મેળવ્યો

ગાંધીનગર, તા.૧૮

સાબરકાંઠા જિલ્લામાં નેશનલ હાઈવે નં. ૮ પર તાજપુર ગામે આવેલ સાબર ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સની વિદ્યાર્થીની કુ. એના ચૌહાણે તાજેતરમાં જીટીયુ દ્વારા સેમેસ્ટર-૮ના પરિણામોમાં ૧૦ એસપીઆઈ સાથે ઈઈઈમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. સમગ્ર જીટીયુમાં ઈઈઈ ડીપાર્ટમેન્ટમાં સાબર ઈન્સ્ટિટયુટ પ્રથમ સ્થાને રહી છે તેમજ પેટન્ટ સર્ચમાં સંસ્થાઓ ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ વર્ષે જીટીયુ દ્વારા લેવાયેલી સેમેસ્ટર-૮ની પરીક્ષામાં સંસ્થાની વર્ષ ૨૦૧૦ની બેચે ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો છે. ગત વર્ષે પણ સંસ્થાની વિદ્યાર્થીની કુ. ત્રયુતુ અટાલીયાએ ૨૦૧૩ના સીઈમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. તેમજ કુ.જલ્પા ભોગાણીએ સમગ્ર જીટીયુમાં ઈસીમાં ટોપ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સંસ્થાની વિદ્યાર્થીનીઓએ આઈડીએસ પ્રોગ્રામમાં પણ ૮૯ ટકા પરિણામ સાથે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું છે. સંસ્થાના ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીનીઓના અદભૂત પરિણામ તે પાછળની તેમની મહેનત માટે અભિનંદન આપ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં માતાઓને સ્વાસ્થ્ય માર્ગદર્શનનો કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૮

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ અને શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગના સહયોગથી પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં ડો. નીતાબેન શેખાતે શારીરિક સ્વાસ્થ્ય સમતોલ આહાર, સેલ્ફ પ્રોટેક્શન, વેક્સીનેશન વગેરે અંગે સમજ અને માર્ગદર્શન આપ્યું હતું. લેખક ડો. શ્રી કેશુભાઈ દેસાઈએ સામાજિક સ્વાસ્થ્યમાં સ્ત્રીઓની ચાવીરૂપ ભૂમિકા અંગે માહિતી આપી હતી. અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગર જિલ્લા શાખાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, લીલાબેન મહેતા, ભાનુબેન ભટ્ટ તેમજ કારોબારીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યા સંતોકબેને સ્વાગત અને આભાર વ્યક્ત કર્યો હતો.

ચૌધરી કોલેજમાં મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ગુજરાત સરકાર સૂચિત સપ્તધારા અંતર્ગત કલા કૌશલ્ય ધારામાં મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. ૨૧ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

નગરના સેક્ટર-૭માં આવેલ મહિલા ચૌધરી કોલેજમાં વિકાસ લક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવાનું કાર્ય કરવામાં આવે છે. કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓની શકિતઓ ખિલવવાનું અને જરુરી માર્ગદર્શન આપવામાં આવે છે. કોલેજમાં તા. ૯ના રોજ મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં કોલેજની ૨૧ વિદ્યાર્થીનીઓએ અવનવી મહેંદીની ડિઝાઈન બનાવી હતી. સ્પર્ધાનું સફળ આયોજન કલા કૌશલ્ય ધારાના અધ્યક્ષ ડૉ. મીનાબેન વ્યાસે અને ડૉ. લીનાબેન સ્વાદિયાએ કર્યું હતું. સ્પર્ધામાં આશા ચૌધરી, ધ્રુવી ચૌધરી, રેણુકા રાઠોડ, અવની પરીખ, રોશની સોની અને પૂનમ ગોજીયાને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલા ચૌધરીએ કલા વિશેની માહિતી આપી હતી. નિર્ણાયક તરીકે નિશાબેન અને શિલ્પાબેને ફરજ બજાવી હતી.

આર.એન. મારૂ પીએચ.ડી. થયા

સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના વનસ્પતિશાસ્ત્રના અધ્યાપક શ્રી આર.એન. મારૂએ મણિનગર સાયન્સ કોલેજ અમદાવાદના અધ્યાપક ડૉ. આર.એસ. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એથનોબોટનીકલ સ્ટડી ઓફ ઝાલોદ તાલુકા, દાહોદ ડીસ્ટ્રીકટ ઓફ ગુજરાત ઈન્ડિયા વિષય પર મહાશોધ નિબંધ તૈયાર કરી રજુ કર્યો હતો. આ નિબંધને જે.જે.ટી. યુનિવર્સિટી રાજસ્થાને માન્યતા આપી પી.એચ.ડી.ની પદવી એનાયત કરી છે.

જ્ઞાનકુંભ
- દર્શન મારૂ
વર્તમાન પ્રવાહો

૧. હાલ વિસ્તારની દૃષ્ટિએ ભારતનૌ સૌથી મોટો જિલ્લો કયો છે ?
➜ કચ્છ (ક્ષેત્રફળ : ૪૫,૬૫૨ ચો.કિ.મી.)
૨. હાલ ગુજરાતમાં જિલ્લા પંચાયતોની સંખ્યા કેટલી છે?
➜ ૩૩
૩. હાલ ગુજરાતમાં કુલ તાલુકા પંચાયતોની સંખ્યા કેટલી છે?
➜ ૨૪૯
૪. ગુજરાતમાં જિલ્લા વિભાજન થતા હવે કેટલા જિલ્લા અને તેના મુખ્ય મથકના નામ અલગ પડે છે?
➜ ૧૨
૫. હાલ કડાણા બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે?
➜ મહીસાગર
૬. હાલ પાનમ બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે?
➜ મહીસાગર
૭. હાલ વણાકબોરી બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે ?
➜ મહીસાગર
૮. હાલ સુખી બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે ?
➜ છોટા ઉદેપુર
૯. હાલ વાત્રક બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે ?
➜ અરવલ્લી
૧૦. હાલ મચ્છુ બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે?
➜ મોરબી
૧૧. હાલ મેશ્વો બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે ?
➜ અરવલ્લી
૧૨. હાલ કયા જિલ્લામાં કેસર કેરીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે ?
➜ ગીર સોમનાથ (તલાળા)
૧૩. ગીર નેશનલ પાર્ક કયા જિલ્લામાં આવેલો છે ?
➜ ગીર સોમનાથ
૧૪. નવા રચાયેલા દેવભૂમિ દ્વારકામાં કયો નેશનલ પાર્ક આવેલો છે ?
➜ મરીન નેશનલ પાર્ક
૧૫. નવા રચાયેલા મોરબી જિલ્લામાં કયું અભયારણ્ય આવેલું છે ?
➜ રામપરા
૧૬. ગુજરાતમાં ફ્લોરસ્પાર ખનીજનું શુદ્ધીકરણનું કારખાનું કયા જિલ્લામાં આવેલું છે ?
➜ છોટા ઉદેપુર
૧૭. નવા રચાયેલા ગીર સોમનાથ જિલ્લામાં કયા પથ્થરની ખાણ આવેલી છે ?
➜ રેતિયા પથ્થર
૧૮. બાર જયોર્તિ લિંગોમાનું એક સોમનાથ યાત્રાધામ કયા જિલ્લામાં આવેલું છે ?
➜ ગીર સોમનાથ
૧૯. શામળાજી યાત્રાધામ કયા જિલ્લામાં આવેલું છે ?
➜ અરવલ્લી
૨૦. ગુજરાતમાં ગુપ્ત પ્રયાગજીનું પ્રાચીન મંદિર કયા જિલ્લામાં આવેલું છે ?
➜ ગીર સોમનાથ

કવિ મણિલાલ દેસાઇને જન્મદિવસે સ્મરણાંજલિ

સ્મરણસભા
પૃથ્વી શાહ

ઉંબરે ઊભી

ઉંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના... (૨)
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલનના
બોલ વાલમનાં...
ઉંભરે ઉભી સાંભળું રે (૨)
ગામને પાદર ઘૂઘરા વાગે,
ઊંઘમાંથી મારા સપના જાગે (૨)
સપના રે બોલ વાલમના,
બોલ વાલમનાં...
ઉંભરે ઉભી સાંભળું રે (૨)
કાલ તો હવે વડલા ડાળે ઝુલશું રે લોલ,
કાલ તો હવે મોરલા સાથે કુદશું રે લોલ (૨)
ઝુલતા ઝોકો લાગશે મને,
કૂદતા કાંટો વાગશે મને (૨)
વાગશે રે બોલ વાલમના (૨)
બોલ વાલમનાં...
ઉંભરે ઉભી સાંભળું રે (૨)
આજની જુદાઇ ગોફણ ઘાલી વીંઝણું રે લોલ,
વાડને વેલે વાલોળ પાપડી વીણશું રે લોલ (૨)
વીંઝતા પવન અડશે મને વીણતા ગવન નડશે મને (૨)
નડશે રે બોલ વાલમના (૨)
બોલ વાલમનાં...
ઉંભરે ઉભી સાંભળું રે (૨)

- મણિલાલ દેસાઇ

પલ....

સરકી જાયે પલ... (૨)
કાળ તણું જાણે કે એ તો (૨) વરસે ઝરમર જલ!
સરકી જાય પલ.
નહીં વર્ષામાં પૂર, નહીં એ ગ્રીષ્મમહી શોષાય,
કોઇના સંગ-નિઃસંગની એને કશી અસર નવ થાયઃ
ઝાલો ત્યાં તો
છટકે
એવી નાજુક ને ચંચલ!
સરકી જાયે પલ. (૨)
છલક છલક છલકાય છતાં યે કદી શકી નવ ઢળી,
વૃન્દાવનમાં, વળી કોઇને કુરૂક્ષેત્રમાં મળી :
જાય તેડી પોઢેલાં ને યે
નવે લોક, નવ સ્થલ!
સરકી જાયે પલ. (૨)

- મણિલાલ દેસાઇ

કવિ કે લેખક કયારેક તેની એક રચનાથી કીર્તિની ટોચે પહોંચી લોકહૃદયમાં સતત રાજ કરે છે. ગુજરાતી સુગમ સંગીતનું ગીત 'ઉંબરે ઊભી સાંભરું રે બોલ વ્હાલમના' ગીતથી સાહિત્ય જગતમાં અમરત્વ પામનાર અને માત્ર છવ્વીસ વરસે દુનિયાને અલવિદા કરી જનાર કવિ મણિલાલ દેસાઇનો આજે જન્મદિવસ. મણિલાલ કયારનો ય શરીરથી ગઇકાલ બની ગયો પણ તેના ગીતથી, કાવ્યથી આવનાર પેઢીઓમાં પણ સ્મૃતિ બની બેઠો રહેશે. સદેહે ન હોવા છતાં લોકોની આંખમાં છબી બની રહેવું, દિલમાં ગુંજતા રહેવુ અને લોકોનાં હોઠે શબ્દ બની જીવવામાં જ જન્મની સાર્થકતા છે.

કવિ મણિલાલે ભરયુવાનવયે ચીરવિદાય લીધી ત્યારે

ઘણા મિત્રોનાં શબ્દો ગળું રૂંધાયાને લીધે હોઠે આવી શક્યા નહિં હોય. કદાચ કેટલાક મિત્રોએ તેના શરીરને મૌન બની સ્પર્શી લાગણી વ્યક્ત કરી હશે પરંતુ સમય પસાર થતાં એ મિત્રોએ તેની કવિતા અંગે, સ્વભાવ અંગે, હાસ્ય-વ્યંગ અંગે વિવિધ સામાયિકોમાં લખ્યું છે. મણિલાલ શબ્દનો રસિયો હતો. શબ્દને પ્રેમ કરતો, શબ્દથી પોતાના જીવનને સ્નેહલ બનાવતો. ગમતા લોકોની વચ્ચે આનંદની છોળ ઉડાવતો. એ ક્ષણો એ આત્મીયતા હજુ એના પ્રિયજનોની આંખમાં રમ્યા કરે છે. મણિલાલ જાણે પરિચિતોના શ્વાસમાં વણાયેલાં છે.

મૂળ તો મુંબઇની સોમૈયા કોલેજમાં તેઓ ગુજરાતીના અધ્યાપક. પરિણામે સુરેશ દલાલ, વાડીલાલ ડગલી, હરિન્દ્ર દવે, ડો. રમેશ જાનીના સતત સંપર્કમાં હતા પરંતુ એ અરસામાં તેમના ભાઇ શ્રી રણજીત દેસાઇ દરિયાખાન ઘુમ્મટ રહે તેથી વારંવાર અમદાવાદ આવે અને અમદાવાદમાં પણ કવિમિત્રો બનાવ્યા હતા. 'રે' મઠ નામે સંગઠન બનાવી કવિમિત્રો એકત્રીત થતાં. તેમા લાભશંકર ઠાકર, ચિનુ મોદી, આદિલ મન્સુરી, મધુ રાય, રાવજી પટેલ, રમેશ પારેખ જેવા સાહિત્યકારો એકત્રિત થતાં એમની વાતોમાં શેરબજારના ચઢાવ-ઉતાર, સચિવાલયમાં બનતા બનાવ, સિનેમા, નગરની નવાજુની, ફેશનની વાતો હોય અને એ વાતોમાંથી કવિતા પણ રચાતી. એ થકી સૌની અંદર રહેલ શક્તિના ફુવારા બહાર આવતા, એ કવિતા થકી જનતાને પણ કંઇક પ્રાપ્ત થતું હતું.

મણિલાલ દેસાઇ એ છાંદસ - અછાંદસ કાવ્યો લખ્યા છે. ગઝલને પણ નવું રૂપ આપેલ. એક બાળકની જીંદગી પર નવલકથા પર લખેલી પરંતુ તેમના અકાળ અવસાનથી એ નવલકથા અપ્રગટ જ રહી.

મણિલાલની કવિતા અંગે કવિ સુરેશ દલાલે નોંધ્યું છે કે મણિલાલ અંધારાના આરસનો કવિ. અંધકારના કેટલાય ચિત્રો અને ચરિત્રો તેના કાવ્યમાં છે. અંધારાનું જળ, અંધારાની દિવાલ, અંધકારની વ્યાપકતાને સમેટી મણિલાલે તેને રૂપ, રંગ, સુગંધ, કુમાશ આપ્યા છે.

મણિલાલની ગઝલમાં પણ નાવિન્ય જણાય છે.

પગરખામાં રાત ઉંઘ્યા કરે રસ્તો
સવારે ઉઠીને સરી જાય રસ્તો

એક વખત મણિલાલની પીઠ દુખતી હતી અને ભીંત પર તડકાને જોઇ તેમણે નીચેની સુંદર પંક્તિ લખી હતી,

આ તડકે બેસી
પીઠ સેકતી
ભીંત જોઇને
મને થયું
હું ય તડકે બેસું

મણિલાલની કવિતામાં આવેશ અને આક્રોશ પણ જોવા મળે છે. અમદાવાદની સાબરમતી નદી અને અમદાવાદની ગલી પર તેમના કાવ્યો કટાક્ષની પરાકાષ્ટા સમાન છે.

આવો ઉચ્ચ કોટીનો કવિ મણિલાલ દેસાઇ ધનુરની બીમારીમાં માત્ર છવ્વીસ વરસની ઉંમરે ચોથી મે, ૧૯૬૬ના પરલોક સીધાવી ગયો. અલબત્ત મણિલાલના શબ્દો આજે ય નવરાત્રીમાં જુવાનિયાઓમાં જોયા પુરે છે. મનનના ખાલીપણાને ભરી દે છે. કેટકેટલા દિલને ડોલાવે છે. આમાં જ મણિલાલ દેસાઇની સર્જક તરીકેની સાર્થકતા છે. ગુજરાતી સાહિત્ય ગર્વ લઇ શકે એવો કવિ ભરયુવાનીમાં અચાનક જતો રહ્યો પણ તેના શબ્દો આ ધરતી પર સદા ધબકતા રહેશે. સરસ્વતીનું ઐશ્વર્ય પ્રાપ્ત કરનાર કદી ફૂલાય ખરો? કવિ મણિલાલ દેસાઇને જન્મદિવસે સ્મરણાંજલિ.